# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-02-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. રાજ્યમાં 23 ફેબ્રુઆરીથી તુવેરની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે- મંત્રીમંડળનો નિર્ણય
2. વિવિધ બોર્ડ-નિગમને જમીન ફાળવણીની 23 દરખાસ્તોને રાજ્ય સરકારની મંજૂરી
3. ઔદ્યોગિક યોજનાઓના લાભાર્થીઓને ગાંધીનગરથી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે 461 કરોડ રૂપિયાની સહાયનું વિતરણ
4. રાજ્યના 10 હજાર 708 આંગણવાડી કેન્દ્રોની નવીનીકરણની કામગીરી પૂર્ણ
5. હોળી-ધૂળેટી નિમિત્તે એસ.ટી. નિગમ દ્વારા વધારાની 1300 બસ દોડાવાશે.
6. આગામી 24 કલાકમાં રાજ્યમાં ગરમી વધવાની શક્યતા.

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CABINET TEKA NA BHAV

રાજ્યમાં 23 ફેબ્રુઆરીથી તુવેરની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ માહિતી આપતા જણાવ્યું, તુવેરના ટેકાના ભાવે વેચાણ માટે એક લાખ 33 હજારથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે.

(BYTE- JITU VAGHANI, KRUSHI MANTRI)

----------

# CABINET LAND ALLOCATION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં વિવિધ બોર્ડ-નિગમને જમીન ફાળવણીની 23 દરખાસ્તોને મંજૂરી આપી છે. વધુ માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, પાણી પુરવઠા બોર્ડ, જેટકો, ગુજરાત મેરીટાઇમ બોર્ડ અને ગુજરાત પાવર કોર્પોરેશનને કુલ એક કરોડ 22 લાખ ચોરસ મીટરથી વધુ જમીનની ફાળવણી કરવામાં આવી છે. જેમાં સૌથી વધુ ગુજરાત પાવર કોર્પોરેશનને બનાસકાંઠાના રાધાનેસડા ખાતે એક કરોડ 20 લાખ ચોરસ મીટરથી વધુ જમીનની ફાળવણી કરાઈ છે.

આ જમીનો પર આગામી સમયમાં મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ કાર્યરત થશે, જેનાથી રાજ્યમાં પીવાના પાણીની સુવિધા તેમજ વીજ પુરવઠાની ક્ષમતા વધશે.

----------

## VIDHANSABHA QUESTIONNAIRE

શિક્ષણમંત્રી પ્રદ્યુમન વાજાએ કહ્યું, રાજ્ય સરકારે આદિજાતિ અને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની વાર્ષિક આવકમર્યાદા અઢી લાખથી વધારીને 6 લાખ કરી છે.

વિધાનસભામાં રાજ્યપાલના સંબોધન પરના આભાર પ્રસ્તાવની ચર્ચામાં સહભાગી થતાં શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાએ કહ્યું, ઔદ્યોગિક વિકાસમાં 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' દ્વારા મહેસાણા અને રાજકોટમાં કુલ ₹૯ લાખ કરોડથી વધુના MOU થયા છે. ‘કુંવરબાઈનું મામેરુ’ યોજના અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં સામાજિક ન્યાયમંત્રી પ્રદ્યુમન વાજાએ કહ્યું, આ યોજના અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ૧૩ હજાર ૮૮૦ અને મહેસાણા જિલ્લામાં ૫ હજાર ૨૨ કન્યાઓને આર્થિક સહાય ચૂકવાઈ છે.

----------

## VIDHANSABHA VEEJ KAR

રાજ્યમાં વર્ષ 2004થી ખેતી વિષયક વીજળી પર વીજ કર સંપૂર્ણ નાબૂદ કરાયો છે.

ગુજરાત વિધાનસભામાં વીજ કરના મુદ્દે પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા નાણા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું, વર્ષ 2012થી ગ્રામીણ રહેણાંક વિસ્તારોમાં 7.5 ટકા અને શહેરી વિસ્તારોમાં 15 ટકા વીજ કર અમલી બનાવાયા છે. તેમણે વધુમાં કહ્યું કે, ગ્રામીણ વિસ્તારના રહેણાંક કક્ષાના વીજ ગ્રાહકો પાસેથી વાર્ષિક 250 યુનિટના વપરાશ સુધી કોઈ વીજ કર લેવામાં આવતો નથી. તેમણે ઉમેર્યું હતું કે, વિશેષ આર્થિક ક્ષેત્ર- SEZમાં સ્થપાનાર નવા ઔદ્યોગિક એકમોને પ્રથમ 10 વર્ષ માટે વીજ કરમાં સંપૂર્ણ રાહત આપવામાં આવે છે.

----------

## UCC BETHAK

રાજ્યમાં સમાન નાગરિક સંહિતા-UCCના અમલીકરણ માટે રચાયેલી સમિતિની મહત્વની બેઠક જસ્ટિસ રંજના દેસાઈના અધ્યક્ષ સ્થાને નવી દિલ્હી ખાતે યોજાઈ, જેમાં ગુજરાત UCCના મુસદ્દાની હાલની પરિસ્થિતિ, પ્રગતિ અને વિવિધ પાસાઓ પર વિસ્તૃત ચર્ચા કરાઇ. જસ્ટિસ રંજના દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્યમાં UCCના અમલીકરણથી પ્રગતિશીલ અને સમાનતા આધારિત કાયદાકીય માળખું તૈયાર થશે અને દરેક નાગરિકને સમાન ન્યાય અને અધિકાર મળશે.

બેઠક દરમિયાન સમિતિ દ્વારા અત્યાર સુધી તૈયાર કરાયેલ કાયદાના મુસદ્દાની સમીક્ષા કરવામાં હતી. જેમાં લગ્ન, છૂટાછેડા, વારસા હક્ક અને દત્તક વિધાન જેવા વિષયો પર વિશેષ ભાર મૂકાયો. ઉપરાંત, સમિતિએ

ભારપૂર્વક જણાવ્યું હતું કે સામાજિક સમરસતા જળવાઈ રહે તે હેતુથી ડ્રાફ્ટ તૈયાર કરતી વખતે તમામ સમુદાયોના હિતોનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

----------

## SANGHVI SAHAY

ઔદ્યોગિક તથા MSME યોજનાઓના લાભાર્થીઓને આજે ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે 'સિંગલ ક્લિક પેમેન્ટ' દ્વારા 461 કરોડ રૂપિયાની સહાયનું વિતરણ કરાયું. વિવિધ યોજનાઓ હેઠળ બે હજાર 48 લાભાર્થીઓને ઈ-પેમેન્ટ મારફતે સહાય સીધી બેંક ખાતામાં રકમ જમા કરાવવામાં આવી. જેમાં MSMEની વિવિધ યોજના હેઠળ 1 હજાર 715 લાભાર્થીઓને 80 કરોડથી વધુ, ટેક્ષટાઇલ યોજનામાં ૨૦૨ લાભર્થીઓને 184 કરોડ તથા મોટા ઉદ્યોગોના 126 લાભાર્થીઓને 188 કરોડની સહાય ચૂકવાઈ.

----------

## KAMREJ – MEDICAL CAMPUS

સુરત જિલ્લામાં કામરેજ વિધાનસભા ક્ષેત્રમાં ૧,૪૫૦ કરોડ રૂપિયાના ખર્ચે ૩૦.૫૫ હેક્ટર જમીનમાં અત્યાધુનિક હોસ્પિટલ કેમ્પસનું નિર્માણ કરાશે. તેના માટે રાજ્ય સરકાર દ્વારા  વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં ૨૫૦ કરોડ રૂપિયાની પ્રારંભિક જોગવાઈ કરવામાં આવી છે. જેમાં ૧૫૦૦ બેડની

જનરલ બ્રોડ સ્પેશિયાલિટી હોસ્પિટલ, ૫૦૦થી વધુ બેડની કાર્ડિયાક એન્ડ ન્યુરો સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, ૫૦૦થી વધુ બેડની યુરોલોજી એન્ડ નેફ્રોલોજી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ બનાવાશે.

આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર વ્યક્ત કરતા કહ્યું કે આ મેડિકલ કેમ્પસ  દક્ષિણ ગુજરાતમાં સુરતને દેશના મેડિકલ ટુરિઝમ મેપ પર મજબૂત સ્થાન અપાવશે. અને વિવિધ રોગોના દર્દીઓ એક જ સ્થળે મલ્ટીસ્પેશિયલ આરોગ્ય સેવાઓ અને નિદાન-સારવારનો લાભ મેળવી શકશે.

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..................................

## BUDGET REAX DANG

રાજ્ય સરકારે રજૂ કરેલા વર્ષ 2026 -27ના અંદાજપત્રને વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. જેમાં 2026ના વર્ષને ગુજરાત પ્રવાસન વર્ષ તરીકે જાહેર કરી પ્રવાસન માટે કરેલી 6500 કરોડ રૂપિયાની જોગવાઈને ડાંગ જિલ્લાની આહવા તાલુકા પંચાયતના પ્રમુખ સુરેશ ચૌધરીએ આવકારી છે.

(BYTE-SURESH CHAUDHARY, AHWA, T.P.PRAMUKH)

----------

## AANGANVAADI RENOVATION

આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ હેઠળ રાજ્યની 10 હજાર 708 કેન્દ્રોની નવીનીકરણની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવી છે, જ્યારે બાકીના કેન્દ્રોમાં કામગીરી અત્યારે પ્રગતિ હેઠળ છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે આ ઝુંબેશ હેઠળ આંગણવાડીઓને માત્ર સમારકામ જ નહીં, પરંતુ આધુનિક શિક્ષણના કેન્દ્રો તરીકે પરિવર્તિત કરાશે.

આંગણવાડી નવીનીકરણ અંતર્ગત કેન્દ્રોની અંદર અને બહારની સંપૂર્ણ સ્વચ્છતા, બાળકોને આકર્ષે તેવું સુંદર રંગરોગાન, પીવાનું પાણી, શૌચાલય જેવી માળખાકીય સુવિધાઓનું સુદ્રઢીકરણ તથા જરૂરિયાત મુજબનું નાનું-મોટું સમારકામ કરવામાં આવ્યું છે.

----------

## HOLI EXTRA BUS

હોળી-ધૂળેટીના તહેવારોને લઈને રાજ્ય એસ. ટી. નિગમ દ્વારા વધારાની 1300 બસ દોડાવાશે. જેમાં 7 હજાર 500 ફેરાનું સંચાલન કરાશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે દ્વારકા અને ડાકોર જતા દર્શનાર્થીઓ માટે વધારાની 450 બસ ફાળવાઈ છે.

તહેવારો દરમિયાન અમદાવાદ, રાજકોટ, અમરેલી, જૂનાગઢ, ભાવનગર અને ભુજ જેવા વિસ્તારોમાંથી ગોધરા, દાહોદ, ઝાલોદ અને છોટાઉદેપુર તરફ જનારા મુસાફરો માટે પણ વિશેષ સુવિધા ઉભી કરવામાં આવી છે. આ વિશેષ સેવાઓ 27 ફેબ્રુઆરીથી 5 દરમિયાન કાર્યરત રહેશે.

----------

# MORBI DEMOLITION

મોરબી મહાનગરપાલિકા દ્વારા આજે જુના ઘુંટુ રોડ પર દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી. કામગીરી દરમિયાન માર્ગ પર નડતરરૂપ અનેક કાચા-પાકા દબાણો દૂર કરવામાં આવ્યા. જેમાં 10 દુકાનો પણ હટાવવામાં આવી હોવાનું મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરેએ જણાવ્યું.

(BYTE- SWAPNIL KHARE, MUNI.COMMISSINOR)

----------

# WEATHER

આગામી 24 કલાકમાં રાજ્યમાં ગરમી વધશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મહત્તમ તાપમાનમા 2 થી 3 ડિગ્રીનો વધારો થશે. હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું, રાજ્યમાં સૌથી વધુ 34.3 ડિગ્રી સેલ્સિયસ તાપમાન બનાસકાંઠાના ડીસામાં નોંધાયું છે.

(BYTE – A.K.DAS, IMD)

દરમિયાન વલસાડ જિલ્લામાં ફેબ્રુઆરીના અંતિમ દિવસોમાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. આજે વહેલી સવારે સમગ્ર જિલ્લો ગાઢ ધુમ્મસથી ઘેરાઈ ગયો હતો. જેના કારણે જનજીવન અને વાહનવ્યવહાર પર વ્યાપક અસર પડી હતી, જ્યારે કેરીના પાક પર જોખમ વધતા ખેડૂતો ચિંતિત બન્યા છે.

----------

## VERAVAL EEZ

ગીર સોમનાથના વેરાવળ ખાતે વિશેષ આર્થિક ક્ષેત્ર-EEZમાં માછીમારી માટે એક્સેસ પાસની સુવિધા શરૂ કરાશે.

કેન્દ્રીય મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી રાજીવ રંજન સિંહ આવતીકાલે આ સુવિધાનો શુભારંભ કરાવશે. જેનાથી માછીમારોને ઊંડા સમુદ્રી વિસ્તારોમાં માછીમારી માટે સત્તાવાર પરવાનગી મળશે તેમજ નિકાસમાં વધારો થશે. એક્સેસ પાસની પહેલ પરંપરાગત અને નાના

પાયાના માછીમારો, સહકારી મંડળીઓ, સ્વ-સહાય જૂથો અને મત્સ્યઉદ્યોગ ઉત્પાદક સંગઠનોને સશક્ત બનાવશે.

----------